# ડૉ .બાબાસાહેબ આંબેડકર : જીવન –ઘડતર

અનિલા એન .સોની

શિક્ષણ સહાયક, શ્રેયસ હાઈસ્કુલ સાદકપોર, ચીખલી, નવસારી.

**સારાંશ**

ડૉ.આંબેડકર ભારતીય સમાજ સુધારણાના ઈતિહાસનો વિસ્મૃત અધ્યાય હતાં. રાષ્ટ્રના ઈતિહાસનું ઘડતર આવા મહાનપુરુષો દ્વારા જ થાય છે. અસ્પૃશતાના કલંકને નાબૂદ કરવા આજીવન ઝઝૂમવાનું વ્રત લેનાર અદનામથી અદકા બનેલા મહામાનવની કથા એટલે ડૉ. આંબેડકરની જીવનકથા. અસ્પૃશતા અને દલિતોના હિતના સમર્થ લડવૈયા, સ્વતંત્ર ભારતના બંધારણના સક્ષમ ઘડવૈયા અને માનવમાત્રની સમાનતાના શંખનાદના બજવૈયા ડૉ. આંબેડકરનું જીવન એટલે સંઘર્ષ, સાધના, સચ્ચાઈ અને નિર્ભયતાની જીવતી તસવીર. ભીમરાવ રામજી આંબેડકર એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી હતા. તેઓ બાબાસાહેબના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓએ ભારતમાં બૌદ્ધ પુર્નજાગરણ આંદોલનની શરૂઆત કરી. તેઓ ભારતીય બંધારણના ઘડવૈયા અને પ્રથમ કાયદામંત્રી હતા. ભારતીય સમાજસુધારાની ૨૦મી સદી પર છવાઈ ગયેલા અને આ સદીના રાજકારણની રગરગમાં વ્યાપી ગયેલા ડૉ.આંબેડકર નૂતન ગતિશીલ ક્રાંતિકારી વિચારોના જનક હતા. એક દ્રષ્ટિવંત વિચારક અને આર્ષ દૃષ્ટા હતા. આવા રાષ્ટ્ર પુરુષોનું જીવન અને તેમના વિચારોનું ચિંતન ભાવિ પેઢીને પ્રેરણા અર્પી શકે છે. પ્રસ્તુત સંશોધનપત્રમાં સંશોધકે આર્ષદૃષ્ટા : ડૉ. બાબાસાહેબ આંબેડકરનું જીવન- ઘડતર અંગે કાર્ય કરવાનો અનુક્રમ હાથ ધર્યો હતો. આ સંદર્ભે સંશોધકે હેતુઓના આધારે વિષયવસ્તુ પૃથક્કરણ કરી તાર્કિક નિગમનાત્મક ગુણાત્મક સંશોધનની પ્રયુક્તિ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન ઘડતર અંતર્ગત તેમનું જીવન અને શિક્ષણ, સ્વાતંત્ર્ય સંગ્રામ અને ભારતીય સંવિધાનમાં યોગદાન તથા ધર્માંતરણ બૌદ્ધધર્મ અંગે માહિતી તારવણી કરી હતી.

**ચાવીરૂપ શબ્દો :** *ડૉ .બાબાસાહેબ આંબેડકર, જીવન –ઘડતર*

## ૧. પ્રસ્તાવના

ડૉ. આંબેડકરની જીવનકથા અસ્પૃશતા અને દલિતોના હિતના સમર્થ લડવૈયા, સ્વતંત્ર ભારતના બંધારણના સક્ષમ ઘડવૈયા અને માનવમાત્રની સમાનતાના શંખનાદના બજવૈયા ડૉ. આંબેડકરનું જીવન એટલે સંઘર્ષ, સાધના, સચ્ચાઈ અને નિર્ભયતાની જીવતી તસવીર. **ભીમરાવ રામજી આંબેડકર**(૧૪ એપ્રિલ ૧૮૯૧ થી ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી હતા. તેઓ **બાબાસાહેબ** ના હુલામણા નામથી પણ જાણીતા છે. તેઓએ ભારતમાં બૌદ્ધ પુર્નજાગરણ આંદોલનની શરૂઆત કરી. તેઓ ભારતીય બંધારણના ઘડવૈયા અને પ્રથમ કાયદામંત્રી હતા.એક ગરીબ મહાર પરિવારમાં જન્મેલા આંબેડકરે ભારતની વર્ણવ્યવસ્થાના નામે ઓળખાતી સામાજિક ભેદભાવની પરંપરા વિરૂદ્ધ ઝુંબેશ ચલાવી. તેઓએ બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો અને લાખો દલિતોને થેરાવાદ બૌદ્ધ પરંપરામાં ધર્મ પરીવર્તન કરવા માટે પ્રેરીત કર્યા. આંબેડકરને મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી 1990મા નવાજવામા આવ્યા હતા. સમાજસુધારાની ૨૦મી સદી પર છવાઈ ગયેલા અને આ સદીના રાજકારણની રગરગમાં વ્યાપી ગયેલા ડૉ.આંબેડકર નૂતન ગતિશીલ ક્રાંતિકારી વિચારોના જનક હતા. ડૉ.આંબેડકર રચિત બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા ૨૬ નવેમ્બર ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું . ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો. માર્ચ ૧૯૫૨ માં ડૉ.આંબેડકર મુંબઈની ધારાસભાની બેઠક ઉપર રાજ્ય સભાના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા અને રાજ્ય સભાના સભ્ય બન્યા. તા. ૧ જુન ૧૯૫૨ માં તેઓ ન્યુયોર્ક ગયા અને ૫ જુન ૧૯૫૨માં કોલમ્બિયા યુનિવર્સીટીએ એમને સર્વોચ એવી "ડોક્ટર એટ લો"ની પદવી આપી. ૧૨ જાન્યુઆરી ૧૯૫૩ માં ભારતની ઓસ્માનિયા યુનીવર્સીટીએ ડૉ. આંબેડકરને "ડોક્ટર ઓફ લીટરેચર" ની ઉચ્ચ પદવી આપી. તેઓની ખરાબ તબિયતને કારણે તેઓ બહુ લાંબુ જીવી શક્યા નહી. ૬ ડિસેમ્બર ૧૯૫૬ ની વહેલી સવારે તેઓનું દિલ્લીમાં અવસાન થયું. ડૉ. આંબેડકરે શુદ્રો કોણ હતા?, બુદ્ધ અને તેમનો ધમ્મ , થોટ્સ ઓન પાકિસ્તાન, કાસ્ટ ઈન ઈન્ડિયા જેવા અનેક પુસ્તક લખીયા અને પ્રસિદ્ધ થયા.

**૨. સમસ્યા કથન**

પ્રસ્તુત સંશોધન સંદર્ભે સંશોધકે નીચે દર્શાવેલ સમસ્યા પસંદ કરી હતી : **"ડૉ.બાબાસાહેબ આંબેડકર : જીવન –ઘડતર "**

**૩. સંશોધનના હેતુઓ**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ છે.

૧. ડૉ .બાબાસાહેબ આંબેડકરના જીવન અને શિક્ષણ અંગે માહિતી પ્રાપ્ત કરવી.

૨. ડૉ .બાબાસાહેબ આંબેડકરના સ્વાતંત્ર્ય સંગ્રામ અને બંધારણમાં પ્રદાન અંગે માહિતી મેળવવી.

૩. ડૉ .બાબાસાહેબ આંબેડકરના ધર્માંતરણ બૌદ્ધધર્મ અંગે માહિતી મેળવવી.

**૪. સંશોધનના પ્રશ્નો**

પ્રસ્તુત સંશોધનના હેતુઓ આ મુજબ છે.

૧. ડૉ.બાબાસાહેબ આંબેડકરનું જીવન અને શિક્ષણ કેવું હતું ?

૨. ડૉ.બાબાસાહેબ આંબેડકરના સ્વાતંત્ર્ય સંગ્રામ અને બંધારણમાં કેવું પ્રદાન હતું ?

૩. ડૉ.બાબાસાહેબ આંબેડકરના ધર્માંતરણ બૌદ્ધધર્મ કેમ ?

**૫. વ્યાપવિશ્વ અને નમૂનો**

ડૉ .બાબાસાહેબ આંબેડકર : જીવન –ઘડતર પર આધારિત તમામ પુસ્તકો પ્રસ્તુત સંશોધનનું વ્યાપવિશ્વ રહ્યું હતું. પ્રસ્તુત સંશોધન માટે ડૉ .બાબાસાહેબ આંબેડકર જીવન –ઘડતર પર આધારિત તમામ પુસ્તકો પૈકી બે પુસ્તકો (ડૉ.આંબેડકર અને આર્ષદ્રષ્ટા : ડૉ.બાબાસાહેબ આંબેડકર) અને ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ત માહિતી સહેતુક નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**૬. સંશોધનના ઉપકરણો**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હોવાથી સંશોધકે ડૉ .બાબાસાહેબ આંબેડકર જીવન –ઘડતર પર આધારિત બે પુસ્તકો (ડૉ.આંબેડકર અને આર્ષદ્રષ્ટા : ડૉ.બાબાસાહેબ આંબેડકર) અને ઈન્ટરનેટ દ્વારા પ્રાપ્ત માહિતીમાં સમાવિષ્ટ જીવન અને ઘડતર સંદર્ભિત વિષયવસ્તુ સંશોધન માટે ઉપકરણો બન્યા હતા.

**૭. સંશોધનની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાંથી ડૉ .બાબાસાહેબ આંબેડકર જીવન –ઘડતર આધારિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન, ભારતીય સંવિધાનમાં યોગદાન અને જીવન પ્રસંગો સંદર્ભે હોવાથી સંશોધકે હેતુઓને આધારે તારણો પ્રાપ્ત કરવા માટે ગુણાત્મક સંશોધનની વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**૮. સંશોધનનું સીમાંકન**

**૧.** પ્રસ્તુત સંશોધનમાંથી ડૉ .બાબાસાહેબ આંબેડકર જીવન –ઘડતર આધારિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન, ભારતીય સંવિધાનમાં યોગદાન અને જીવન પ્રસંગો પર આધારિત બે પુસ્તકો અને ઈન્ટરનેટ પર પ્રાપ્ત માહિતી પૂરતો મયાદિત રહ્યો હતો.

**૨.** પ્રસ્તુત સંશોધન નીચે દર્શાવેલ મુદ્દા માટે સીમિત રહ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર જીવન –ઘડતર આધારિત સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન, ભારતીય સંવિધાનમાં યોગદાન અને જીવન પ્રસંગો.

**૯. માહિતી એકત્રીકરણની રીત**

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક પ્રકારનું હોવાથી સંશોધકે હેતુઓના આધારે ગુણાત્મક સંશોધન ની વિષયવસ્તુ પૃથક્કરણ કરી તાર્કિક નિગમનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્રીકરણ કરી હતી જે નીચે મુજબ દર્શાવવામાં આવી છે.

**૧૦. માહિતી પૃથક્કરણની રીત**

સંશોધકે હેતુઓના આધારે તારણો પ્રાપ્ત કરવા ગુણાત્મક સંશોધનની વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**હેતુ :- ૧. ડૉ .બાબાસાહેબ આંબેડકરના જીવન અને શિક્ષણ અંગે**

| | |
|---|---|
| જીવન પરિચય<br>ધર્મ<br>હુલામણું નામ<br>નાગરિક<br>અભ્યાસ<br>વ્યવસાય<br>વતન<br>ખિતાબ<br>રાજકીય પક્ષ<br>મૃત્યુની વિગત | -ડૉ .બાબાસાહેબ આંબેડકરનું પૂરું નામ ભીમરાવ રામજી આંબેડકર<br>-જન્મ ૧૪ એપ્રિલ ૧૮૯૧ મધ્યપ્રદેશમાં મહૂની લશ્કરી છાવણીમાં પાયોનીયર બેટાલિયનની છાવણીમાં થયો હતો.<br>-પિતા રામજી અને માતા ભીમાબાઈ<br>-પહેલા રમાબાઈ સાથે ૧૯૦૮માં, બીજા ડૉ.સવિતા કબીર સાથે ૧૯૪૮ વિવાહ<br>બોદ્ધ<br>બાબાસાહેબ<br>ભારતીય<br>એમ.એ.,એમ.એસ.સી,પી.એચ.ડી, ડી.એસ.સી, એલ.એલ.ડી,ડી.લીટ.<br>ભારતના પ્રથમ કાયદા પ્રધાન<br>અંબાવાડે, રત્નાગિરી, મહારાષ્ટ્ર<br>ભારત રત્ન (૧૯૯૦ - મરણોપરાંત)<br>રિપબ્લીકન પાર્ટી ઓફ ઈન્ડિયા<br>મૃત્યુની ડિસેમ્બર ૬ -૧૯૫૬, રહેઠાણ – દિલ્હી |

**૧૦.૧ શિક્ષણ**

ભીમરાવની પ્રાથમિક કેળવણીની શરૂઆત થઈ. ભીમરાવના પિતાની અટક સકપાલ હતી. તેઓ મૂળ મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લાના અંબાવાડે ગામના વતની હતા તેથી નિશાળમાં ભીમરાવની અટક આંબાવડેકર રાખવામાં આવેલી. પરંતુ નિશાળના એક શિક્ષક કે જે ભીમરાવને ખુબ ચાહતા હતા, તેમની અટક આંબેડકર હતી તેથી તેમણે ભીમરાવની અટક નિશાળના રજીસ્ટરમાં સુધારીને આંબાવડેકરને બદલે આંબેડકર રાખી. શરૂઆતની પ્રાથમિક કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂરી કરી. અસ્પૃશ્યતાના લીધે તેઓએ ઘણું જ સહન કરવું પડ્યું. ભીમરાવના પિતાને મુંબઈમાં રહેવાનું થયું એટલે ભીમરાવે હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાં લીધું અને સને ૧૯૦૭માં મેટ્રીકની પરીક્ષા પસાર કરી. ભીમરાવના કોલેજ શિક્ષણ માટે વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે સ્કોલરશીપની વ્યવસ્થા કરી, અને ભીમરાવ મુંબઈની પ્રખ્યાત એલ્ફીન્સ્ટન કોલેજમાં દાખલ થયા. ભીમરાવે ઈ.સ. ૧૯૧૨માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે મુંબઈ યુનિવર્સીટીની બી.એ.ની પરીક્ષા પસાર કરી. સ્નાતક થયા પછી ભીમરાવ વધુ અભ્યાસ કરી શકે એવા સંજોગો રહ્યા ન હતા. વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે ભીમરાવની નિમણુક રાજ્યના લશ્કરમાં એક લશ્કરી અધિકારી તરીકે કરી. વડોદરામાં યુવાન ભીમરાવે આભડછેટનાં લીધે ખુબ જ હેરાન થવું પડ્યું . આ સમયે વડોદરાના મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ કેટલાક તેજસ્વી અછૂત વિદ્યાર્થીઓને પોતાના ખર્ચે, ઉચ્ચ અભ્યાસ માટે, અમેરિકા મોકલવા માંગતા હતા. ભીમરાવની એ માટે પસંદગી થઈ. આમ સને ૧૯૧૩ના જુલાઈનાં ત્રીજા અઠવાડિયામાં ભારતનો એક અછૂત વિદ્યાર્થી વિદ્યાના ગહન શિખરો શર કરવા ન્યુયોર્ક પહોચી ગયો. અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં ભીમરાવે ખંતપૂર્વક અભ્યાસ શરુ કર્યો. અભ્યાસના પરિપાક રૂપે ભીમરાવે 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી ૧૯૧૫માં કોલમ્બિયા યુનિવર્સીટીની એમ.એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી. ત્યાર બાદ સતત અભ્યાસ ચાલુ રાખી ૧૯૧૬ માં એમણે પી.એચ.ડી. માટે 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપરનો મહાનિબંધ કોલમ્બિયા યુનિવર્સિટીને રજુ કરી દીધો, અને સર્વોચ્ચ એવી પી.એચ.ડી.ની ડીગ્રી મેળવવા ભાગ્યશાળી બન્યા. આમ આંબેડકર હવે ડૉ. આંબેડકર બની ગયા. સને ૧૯૧૬ માં તેઓ અમેરિકાથી ઈંગ્લેન્ડ ગયા. અને લંડનમાં કાયદાનો અભ્યાસ શરુ કર્યો સાથે સાથે એમણે અર્થશાસ્ત્રનો અભ્યાસ પણ ચાલુ જ રાખ્યો. પરંતુ પ્રતિકુળ સંજોગોને અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓને કારણે વિદ્યાભ્યાસ છોડી તેમને ભારત પાછા ફરવું પડ્યું . ઈંગ્લેન્ડથી મહારાજા ગાયકવાડે આંબેડકરની નિમણુક વડોદરા રાજ્યના મીલીટરી સેક્રેટરી તરીકે કરી. પરંતુ મુશ્કેલીઓ, આભડછેટ અને અપમાનોના લીધે તેઓ વડોદરામાં સ્થિર થઇ શક્યા નહિ.ડૉ.આંબેડકર હિંમત હારી જાય તેવા પોચા નહોતા. તેમના પ્રયત્નોને સફળતા મળી ૧૯૧૮માં, મુંબઈની સિડનહામ કોલેજમાં તેઓ પ્રોફેસર તરીકે જોડાયા. આર્થિક ભીંસ ઓછી થવાથી અને થોડા પૈસા બચાવીને તેમજ કેટલીક રકમની મિત્રો પાસેથી વ્યવસ્થા કરીને ફરીવાર ડૉ.આંબેડકર ઈંગ્લેન્ડ ગયા, અને કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ ચાલુ રાખ્યો.

ડૉ.આંબેડકરની ઈંગ્લેન્ડની સફર પહેલા તેમના પત્ની રમાબાઈએ ૧૯૨૦માં એક બાળકને જન્મ આપ્યો. જેનું નામ યશવંત રાખવામાં આવ્યું, બીજા બે સંતાનો થયા પરંતુ તે જીવી શક્યા નહિ. ૧૯૨૩માં ડૉ.આંબેડકર બેરિસ્ટર થયા. આજ વખતે ડૉ.આંબેડકરને તેમના મહાનિબંધ "રૂપિયાનો પ્રશ્ન" એ વિષય ઉપર લંડન યુનિવર્સીટી એ "ડૉક્ટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડીગ્રી એનાયત કરી. લંડનમાં અભ્યાસ પૂર્ણ થવાથી ડૉ.આંબેડકર જર્મની ગયા, અને ત્યાં પ્રખ્યાત બોન યુનિવર્સિટીમાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. પરંતુ જર્મનીમાં તેઓ લાંબો સમય રહી શક્યા નહિ. તેમને ભારત પાછા ફરવું પડ્યું. જૂન ૧૯૨૮ માં ડૉ.આંબેડકર મુંબઈની ગવર્મેન્ટ લો કોલેજમાં પ્રોફેસર તરીકે જોડાયા તેઓ કાયદાના અભ્યાસમાં નિપુણ હતા.તેઓ વિદ્યાર્થીઓમાં ઘણાજ પ્રિય થયા .

**હેતુ :- ૨. ડૉ .બાબાસાહેબ આંબેડકરના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને બંધારણ ઘડતરમાં પ્રદાન**

- ૨૩ ઓક્ટોબર ૧૯૨૮ મા ડૉ.આંબેડકર "સાયમન કમિશન" સમક્ષ અછૂતોના પ્રાણ પ્રશ્નો અને તેના નિરાકરણ ઉપર રજૂઆત કરી આજ સમયે તેમણે એક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી.મજુર ચળવળના પણ તેઓ પ્રણેતા બન્યા,અને એમના હક્કો તથા સગવડો બાબતમાં ઘણાજ પ્રયત્નો કર્યા. ડૉ.આંબેડકર નું નામ હવે દેશભરમાં જાણીતું થઇ ગયું હતું.
- ૬ ડીસેમ્બર ૧૯૩૦ માં ભારતના વાઈસરોય તરફથી ગોળમેજી પરિષદમાં હાજર રહેવા ડૉ.આંબેડકરને આમંત્રણ મળ્યું.આ પરિષદમાં ડૉ.આંબેડકરે ભારતના અછૂતોના પ્રશ્નોની વિશદ(ઉંડાણપુર્વક) અને તલસ્પર્શી રજૂઆત કરી તેમને ખાસ કરીને અછૂતોના રાજકીય અને સામાજિક હક્કો માટે બ્રિટીશ સરકાર પાસે બાહેધરી માંગી .ડૉ.આંબેડકરની રજુઆતે પરિષદના પ્રતિનિધિઓ ઉપર ઊંડી અસર કરી.
- તા.૧૪ મી ઓગસ્ટ ૧૯૩૧ માં ડૉ.આંબેડકર અને ગાંધીજીની પ્રથમ મુલાકાત થઈ.તા. ૭ મી સપ્ટેમ્બર ૧૯૩૧ માં લંડનમાં બીજી ગોળમેજી પરિષદ મળી અને એમાં ડૉ.આંબેડકર અન્ય ભારતીય નેતાઓ સાથે હાજર રહ્યા .ડૉ.આંબેડકરે અછૂતોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.ડૉ.આંબેડકર અને ગાંધીજી વચ્ચે આ બાબતમાં દલીલો થઇ અને છેવટે ઉગ્ર મતભેદ થયા. ૨૫ ડીસેમ્બર ૧૯૩૨માં બંને વચ્ચે કરાર થયો જે પુના કરાર નામે ઓળખાયો.
- ઓગસ્ટ ૧૯૩૬ માં ડૉ. આંબેડકરે ઈન્ડીપેનડન્ટ લેબર પાર્ટીની સ્થાપના કરી. ૧૯૩૭ની ચુંટણીમાં ડૉ. આંબેડકર ધારાસભામાં ચુંટાઈ આવ્યા. અને ત્યાં તેમને પ્રભુત્વ જમાવ્યું. ઓક્ટોબર ૧૯૩૯ માં નહેરુની ડૉ. આંબેડકર સાથે પ્રથમ મુલાકાત થઈ.
- જુલાઈ ૧૯૪૧ માં ડૉ. આંબેડકર ભારતના વાઇસરોયની એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં પ્રતિનિધિ નિમાયા. તા.૧૪ મી એપ્રિલ ૧૯૪૨ માં અખિલ ભારતીય ધોરણે દલિત સમાજે ડૉ. આંબેડકરની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી અને તેમને અભિનંદન અને આશીર્વાદ આપ્યા. તા. ૨૦ જુલાઈ ૧૯૪૨ માં ડૉ. આંબેડકરે ભારતના વાઈસરોયની કેબીનેટમાં લેબર મેમ્બર તરીકે નો ચાર્જ સંભાળી લીધો. "પીપલ્સ એજ્યુકેશન સોસાયટી" ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.

૧૯૪૨માં “શીડ્યુલ કાસ્ટ ફેડરેશન” પક્ષની સ્થાપના કરી. ૧૯૪૨ થી ૧૯૪૬ સુધી ગવર્નર જનરલના કાર્યકારી મંડલના ‘શ્રમ મંત્રી’ તરીકે કાર્ય કર્યું. ૧૯૪૬માં "પીપલ્સ એજ્યુકેશન સોસાયટી"ની સ્થાપના કરી.

- ૩ ઓગસ્ટ ૧૯૪૭ માં ભારતની વચગાળાની સરકાર રચાઈ. ભારતની વચગાળાની સરકારમાં ડૉ. આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા. ૨૯ ઓગસ્ટે ડૉ. આંબેડકરની ભારતના બંધારણી ડ્રાફ્ટીંગ કમિટીના પ્રમુખ તરીકે વરણી થઈ.
- ડૉ.આંબેડકર ફેબ્રુઆરી ૧૯૪૮ના છેલ્લા અઠવાડીયામાં ભારતના બંધારણની કાચી નકલ તૈયાર કરી અને બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રશાદ ને સુપ્રત કરી. તા ૪ નવેમ્બેર ૧૯૪૮ માં ડૉ.આંબેડકરે ભારતના બંધારણને બંધારણ સભાની બહાલી માટે રજુ કર્યું. મુખ્યત્વે ડૉ.આંબેડકર રચિત બંધારણમાં ૩૧૫ કલમો અને ૮ પરિશિષ્ટ હતા. ૨૬ નવેમ્બર ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ દેશનું બંધારણ પસાર કર્યું .આ વખતે બંધારણના પ્રતિનિધિઓ તેમજ ડૉ. રાજેન્દ્ર પ્રશાદે ડૉ. આંબેડકરની સેવા અને કાર્યના વખાણ કર્યા. ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ થી ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને દેશ પ્રજાસતાક બન્યો.

**૩. ડૉ .બાબાસાહેબ આંબેડકરના ધર્માંતરણ બૌદ્ધધર્મ અંગે**

બૌદ્ધધર્મ ભારતને વિશ્વમાં ગુરુસ્થાને સ્થાપનાર, ભારતીય સંસ્કૃતિના ગૌરવનું પ્રતિક હતો. જેના દ્વાર સર્વ માટે ખુલ્લાં છે. ડૉ આંબેડકરે આવા આંતરરાષ્ટ્રીય જનવાદી ધર્મ-બૌદ્ધધર્મનું નઝરાણું દલિતોને આપવાનું નક્કી કર્યું. બૌદ્ધધર્મમાં બદલાની ભાવનાને સ્થાન નથી. માનસિક ગુલામી, ગુર્વાવાદનો ગૂંચવાડો નથી.માત્ર માનવીય સદાચારનો વૈજ્ઞાનિક ધર્મ છે. ડૉ આંબેડકરને જે જોઈતું હતું તે બધું જ ભારતીય સંસ્કૃતિના બેનઝીર બૌદ્ધધર્મમાં તેમને મળી ગયું. ડૉ આંબેડકરે વિશ્વના મહાન ધર્મો નો ઊંડો અભ્યાસ કર્યો હતો ત્યાર બાદ તેમને બુદ્ધ અને તેમનો ધમ્મ પુસ્તક લખી પ્રસિદ્ધ કર્યું .તેઓની ભૂતકાળની પ્રતિજ્ઞા 'હું હિંદુ ધર્મમાં જન્મ્યો એ મારા હાથ ની વાત નહોતી પણ હું હિંદુ ધર્મમાં રહી ને મરીશ નહિ તે પ્રમાણે તા.૧૪ ઓક્ટોબર' ૧૯૫૬ માં ડૉ.આંબેડકર નાગપુર દીક્ષાભૂમિ માં ૩,૮૦૦૦૦ દલિતો સાથે બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો. દુનિયાના ઈતિહાસ માં આવા ધર્મ પરિવર્તનો

ખુબજ ઓછા જોવા મળે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાનું ઉર્વહિર આયુષ્ય બૌદ્ધશાસનની સેવામાં, પ્રચાર-પ્રસાર માટે વિતાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**સંશોધનના તારણો**

**૧.** ડૉ .બાબાસાહેબ આંબેડકરે જીવનના વિવિધ ક્ષેત્રોમાં તેમનો નમ્ર ફાળો આપવા કોશિષ કરી. કેળવણી ભીમરાવે મુશ્કેલીઓ વચ્ચે પૂરી કરી. અસ્પૃશ્યતાના લીધે તેઓએ ઘણું જ સહન કરવું પડ્યું. નાનપણથી જ બાળક ભીમરાવમાં માતાપિતાના સંસ્કારો ઉતર્યા. પ્રતિકુળ સંજોગોને અને આર્થિક તેમજ કૌટુંબિક મુશ્કેલીઓને કારણે વિદ્યાભ્યાસ છોડી તેમને ભારત પાછા ફરવું પડ્યું. ડૉ.આંબેડકર હિંમત હારી જાય તેવા પોચા નહોતા. ભીમરાવ રામજી આંબેડકર એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઇતિહાસકાર અને અર્થશાસ્ત્રી હતા.

**૨.** ડૉ .બાબાસાહેબ આંબેડકરના સ્વાતંત્ર્ય સંગ્રામ અને બંધારણમાં પ્રદાન ખુબજ મહત્વપૂર્ણ હતું. તેઓ ભારતીય બંધારણના ઘડવૈયા અને પ્રથમ કાયદામંત્રી હતા. તેઓએ ભારતના દલિતોના રાજનૈતિક હકો અને સામાજિક સ્વતંત્રતા માટે લડત આદરી હતી. ગોળમેજી પરિષદમાં ડૉ.આંબેડકરે ભારતના અછૂતોના પ્રશ્નોની વિશદ(ઉંડાણપુર્વક) અને તલસ્પર્શી રજૂઆત કરી તેમને ખાસ કરીને અછૂતોના રાજકીય અને સામાજિક હક્કો માટે બ્રિટીશ સરકાર પાસે બાહેધરી માંગી. ડૉ.આંબેડકરની રજુઆતે પરિષદના પ્રતિનિધિઓ ઉપર ઊંડી અસર કરી. ડૉ.આંબેડકર દેશના જુદા જુદા ભાગોમાં જ્યાં જઈ શક્યા ત્યાં ગયા અને દલિતોની અસંખ્ય મીટીંગો અને પરિષદોનું આયોજન કરીને અને અછૂત-સમાજને જાગૃત કર્યો.

**૩.** ડૉ .બાબાસાહેબ આંબેડકર બૌદ્ધ ધર્મનો અંગીકાર કર્યો અને લાખો દલિતોને થેરાવાદ બૌદ્ધ પરંપરામાં ધર્મ પરીવર્તન કરવા માટે પ્રેરીત કર્યા. ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાનું ઉર્વહિર આયુષ્ય બૌદ્ધશાસનની સેવામાં, પ્રચાર-પ્રસાર માટે વિતાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**સંદર્ભસૂચિ**

૧. જ્યોતિકર, પી.જી.(૨૦૧૧). આર્ષદ્રષ્ટા : ડૉ.બાબાસાહેબ આંબેડકર. તૃતીય આવૃત્તિ.યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ.

૨. એમ, એસ.(૨૦૦૮). ડૉ.આંબેડકર. સાતમી આવૃત્તિ.કાંકરિયા, કર્ણાવતી.

૩. સોનવણ, પી.અને ગેડામ, એ.(૨૦૧૨). *અન્ય પીછડેવર્ગ કે શૈક્ષણીક ઉત્થાન મે બાબાસાહેબ આંબેડકરજી ક યોગદાન.International Referred Multidisciplinary Online Research Journal ISSN-2319-*6904.Issue III.Vol.I.Dec.2012.

૪. www.gyanipandit.com

૫. www.academic.edu

૬. http://www.bharatdarshan.co.nz/magazine/articles/170/ambedkar-biography.html.

૭. https://www.google.co.in/search?q=babasaheb+ambedkar+biography+in+gujarati&hl=en-IN&biw=&bih=&gbv=2&oq=babasaheb+ambedkar+history+i&gs_l=heirloom.